અપીલ અરજી નં.૧૯૬ તા.૧૪–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૭–૧૦ ની અરજીથી (૧) લંબેહનુમાન રોડ બોમ્બે માર્કેટની બાજુમાં આવેલ પ્રાથમિક, ગુજરાતી માધ્યમની સ્કુલ આવેલ છે. એમાં ૨૦૦૯ ના વર્ષમાં ભણતા પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી ભણતા દરેક વર્ગમાં બાળકોની સંખ્યા કેટલી હતી? એની વર્ગ વાઈઝ સંખ્યા અને પહેલા ધોરણથી સાતમાં ધોરણમાં કુલ બાળકોની સંખ્યા કેટલી એનું લિસ્ટ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૬/૨૦૧૦–૧૧

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૭–૧૦ ની અરજીથી (૧) લંબેહનુમાન રોડ બોમ્બે માર્કેટની બાજુમાં આવેલ પ્રાથમિક, ગુજરાતી માધ્યમની સ્કુલ આવેલ છે. એમાં ૨૦૦૯ ના વર્ષમાં ભણતા પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી ભણતા દરેક વર્ગમાં બાળકોની સંખ્યા કેટલી હતી? એની વર્ગ વાઈઝ સંખ્યા અને પહેલા ધોરણથી સાતમાં ધોરણમાં કુલ બાળકોની સંખ્યા કેટલી એનું લિસ્ટ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૯ તા.૨૮–૯–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને અપીલ અરજી લગભગ સપ્તાહના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૬–૧૦–૧૦ના પત્રથી વિલંબ બાબતે રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૮–૭–૧૦ થી અરજીથી (૧) લંબેહનુમાન રોડ બોમ્બે માર્કેટની બાજુમાં આવેલ પ્રાથમિક, ગુજરાતી માધ્યમની સ્કુલ આવેલ છે. એમાં ૨૦૦૯ ના વર્ષમાં ભણતા પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીમાં ભણતા દરેક વર્ગમાં બાળકોની સંખ્યા કેટલી હતી? એની વર્ગ વાઈઝ સંખ્યા અને પહેલા ધોરણથી સાતમાં ધોરણમાં કુલ બાળકોની સંખ્યા કેટલી એનું લિસ્ટ. મુદ્દા નં.(૨) હાલમાં ૨૦૧૦ ના વર્ષમાં ગુજરાતીમાં પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી ભણતા બાળકોની વર્ગવાઈઝ સંખ્યા કેટલી છે ? એની માહિતી અને પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી ભણતા બાળકોની સંખ્યા કેટલી છે? એની માહિતી. મુદ્દા નં.(૩) ૨૦૧૦ ના વર્ષમાં પહેલા ધોરણથી સાતમા ધોરણમાં ભણતા બાળકોને ભણાવતા શિક્ષકોની સંખ્યા કેટલી? અને ગયે વર્ષ ૨૦૦૯ માં બાળકોની સંખ્યા કેટલી હતી એની માહિતી. આમ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગણી અરજી પૂર્વઝોન વરાછા ખાતે કરવામાં આવેલ. જે ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૩ તા.૯–૭–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ. સ. ને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૪–૯–૧૦ ના રોજ માંગવામાં આવેલી માહિતી નિયત સમય મર્યાદામાં આપેલ નથી તેવું જણાવીલગભગ એક સપ્તાહના વિલંબથી અપીલ અરજી કરેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલ તબકકે વિલંબના વાજબીપણા અંગે તા.૬–૧૦–૧૦ ના પત્રથી જણાવેલ છે કે અમોએ વરાછાઝોનની આરટીઆઈની કચેરીએ તપાસ કરતાં જણાવા મળેલ કે અમારી અરજી તબદીલ કરેલ છે. જયારે શિક્ષણ સીમતિએ તપાસ કરતાં જણાવા મળ્યું કે શિક્ષણ સમિતિની કચેરીએ આવેલ નથી.આથી અમો અરજદારે પૂરી તપાસ કર્યા પછી ૩૫ દિવસ ઉપરના સમય સુધી રાહ જોયા પછી અપીલ અરજી કરેલ છે. વધુમાં અપીલ અરજીમાં લગભગ સપ્તાહના વિલંબનો સવાલ ઉપસ્થિત થતો નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ કોઈ પણ વ્યકિત જેને કલમ–૭ ની પેટા કલમ–૧ અથવા પેટા કલમ–૩ ના ખંડ (ક) માં નિર્દિષ્ટ મુજબ સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ થઈ ન હોય તો, જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ હોય, તે આવી મુદત પૂરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાથી ૩૦ દિવસની અંદર દરેક જાહેર સત્તા મંડળની અંદર જાહેર માહિતી અધિકારી કરતાં ઉપલો દરજજો ધરાવતાં હોય તેવા અધિકારીને અપીલ કરી શકે છે. આથી અરજદારની અપીલમાં વિલંબનો સવાલ ઉપસ્થિત થતો નથી તે કાયદા સાથે સુસંગત નથી. વધુમાં આ કાયદામાં

એવી પણ જોગવાઈ છે અપીલ અધિકારી ને એવી ખાત્રી થાય કે અરજદાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકયા નથી  તો તે બાબતે અપીલ સ્વીકારવી તે અપીલ અધિકારીની  વિવેક બુધ્ધિને આધિન છે.  જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ  જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈએકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૮–૭–૧૦ ની  અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટ કલમ–૭(૫) અનુસાર મુળ અરજીથી માંગેલ માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં  પૂરી પાડવા  શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)  ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી .(ન.પ્રા.શિ.સ.)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલ,